dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

March 2009 | For private circulation only | Vol. 01 - Issue 06

'' સવારના પહોરમાં સૂર્યનારાયણ પોતાનો ઉધ્ધાર કરે છે,
યોગારૂઢ થઈને આવે છે;
અને સંધ્યાને સમયે શાંત થાય છે.
સૂર્ય ખરેખર શાંત થાય છે ?
હું મરીશ ત્યારે પણ થોડો જ શાંત થવાનો છું ? ''

- ગાંધીજી

કાંતિ શાહ સંપાદિત : ગાંધી જેવા જોયા-જાણ્યા વિનોબાએ.

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

મૂડીવાદી વિચારસરણીના પ્રભુત્વ હેઠળ ટેકનોલોજિકલ, સંસ્થાકીય તથા સાંસ્કૃતિક બાબતોમાં થઈ રહેલા એક કેન્દ્રાભિમુખ (Converging) ફેરફારોને લીધે સમગ્ર વિશ્વ સમતલ બનતું જઈ રહયું છે. બે જર્મની વચ્ચેની મહાન બર્લિનની દિવાલના તૂટવાથી માંડી, સમગ્ર યુરોપનું એક ચલણ જેવા બનાવોએ દેશોના ભૌગોલિક સીમાંકનોની મહત્તા ઘટાડી દીધી છે. વસ્ત્રો ખાનપાનથી લઈ રહેણી કરણી તેમજ ભાષાની બાબતમાં તમામ સંસ્કૃતિઓ એકબીજામાં ઝડપથી વિલીન થઈ રહી છે. માહિતીનો દરિયો આંગળીના ટેરવે આવી ગયો છે. મૂડીવાદની આ એક બાજુ છે. પરંતુ બીજી તરફ આજ મૂડીવાદી વિચારધારાનો પરપોટો એક લેહરમેન બ્રધર્સ જેવી નાણાંકીય સધ્ધર સંસ્થાની નાદારી નોંધાવતાં ફૂટી જાય છે. મેકિન્સી રીવ્યૂ માસિકના અભ્યાસલેખમાં જણાવ્યું છે કે આવી કંપનીઓને બચાવવાના સરકારી પ્રયત્નો મંદીને વધું વ્યાપક બનાવે છે.

સંક્રાન્તિના આવા સમયમાં ચિરંજીવી વિકાસ (Sustainable Development) કેવી રીતે પ્રાપ્ત કરવો તથા ટકાવી રાખવાના વિકલ્પો વિશે સૌ ચિંતિત છે, કૌટિલ્યના અર્થશાસ્ત્રથી માંડી અનેક દાર્શનિકોએ આ દેશમાં સમગ્ર માનવ જાતિને ઉપયોગી એવા રાજકીય-આર્થિક-સામાજિક વ્યવહારો વિષે સીમાંકનો દર્શાવેલા છે. ભાષાકીય સજજતાના અભાવે તથા જ્ઞાન બધું પશ્ચિમમાંથી જ મળી શકે તેવી આંધળુકીયા પશ્ચિમી અનુકરણ કરવાની સરળ રીતને લીધે આ જ્ઞાન પટારાઓમાં છૂટુ છવાયું પડેલું છે. હાથ વગો, સૌ કોઈ માટે સુલભ એવો વિકલ્પ હોય તો તે છે મહાત્મા ગાંધી દ્વારા વર્ષ ૧૯૦૮માં લંડનથી દક્ષિણ આફ્રિકા પરત ફરતાં દરિયાઈ પ્રવાસ દરમ્યાન લખાયેલું નાનકડું પુસ્તક ''હિંદ સ્વરાજ'' માં દર્શાવેલ ચિંતન.

આ લખાણ દક્ષિણ આફ્રિકામાંથી પ્રગટ તથા સાપ્તાહિક 'ઈન્ડિયન ઓપિનિયન' માં લેખમાળા સ્વરૂપે સૌ પ્રથમ પ્રગટ થયેલું. ત્યારબાદ તે પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થયું. તા. ૨૨-૧૧-૧૯૦૯ની પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં મોહનદાસ કરમચંદ ગાંધી લખે છે, ''આ વિષય ઉપર મેં વીસ પ્રકરણ લખ્યાં છે, તે વાંચનાર આગળ મૂકવાની હિંમત કરું છું. જયારે મારાથી નથી રહેવાયું ત્યારે જ મેં લખ્યું છે... જે વિચારો બતાવ્યા તે મારા છે, ને મારા નથી. તે મારા છે, કેમકે તે પ્રમાણે વર્તન કરવાની મારી ઉમેદ છે; તે મારા આત્મામાં ઘડાઈ ગયા જેવા છે. મારા નથી, કેમકે તે મેં જ વિચાર્યા છે એમ નથી; તે કેટલાંક પુસ્તકો વાંચ્યા પછી બંધાયેલા છે. ઉદ્દેશ માત્ર દેશની સેવા કરવાનો ને સત્ય શોધવાનો, ને તે પ્રમાણે વર્તવાનો છે. એટલે મારા વિચાર ખોટા નીવડે તો તેને પકડી રાખવાનો મને આગ્રહ નથી. જો તે સાચા નીવડે તો તે પ્રમાણે બીજાઓ કરે એમ દેશના હિતાર્થે સાધારણ રીતે લાગણી રહેશે... સરળતાની ખાતર, લખાણને વાચક અને અધિપતિ વચ્ચે સંવાદ હોય તેવા રૂપમાં આપ્યું છે.'' આખુ પુસ્તક લખવાનુ કામ દસ દિવસમાં પૂરું કરેલુ. લખતાં લખતાં જયારે તેમનો જમણો હાથ થાકી જતો ત્યારે તેઓ ડાબા હાથે લખતા. હસ્તલિખીત પ્રતને પણ નવજીવન પ્રેસે પુસ્તક સ્વરૂપે પ્રગટ કરી છે. ડાબા હાથે લખાયેલું લખાણ, જમણા હાથે લખાયેલ હસ્તાક્ષરો કરતાં વધું સુઘડ છે. ગાંધીજીને હિંદ સ્વરાજના સમગ્ર લખાણમાં તેમના જીવન દરમ્યાન માત્ર બે જ ફેરફારો કરવા યોગ્ય લાગ્યા છે. એક કાપડની મિલોને દૂર કરવાને બદલે હિંદની મિલોને ઉત્તેજન આપ્યું અને બીજુ, પાર્લામેન્ટ માટે વાપરેલ સ્ત્રી જાતિનો અપમાન જનક શબ્દ. આ બે બાબતોને ગાંધીજી ૧૯૨૧ની હિન્દી અનુવાદની આવૃત્તિની પ્રસ્તાવનામાં સુધારે છે.

હિંદ સ્વરાજમાં ગાંધીજી વિભિન્ન વિષયો પર પોતાના વિચારો વાચકના પ્રશ્નોના પોતે અધિપતિ તરીકે ઉત્તરો તરીકે મૂકે છે, કોંગ્રેસ અને તેના કારભારીઓ, સ્વરાજ એટલે શું ? હિંદુસ્તાનની દશા, ખરો સુધારો શું ?, હિંદની મુકિત, સત્યાગ્રહ-આત્મબળ, તેમજ કેળવણી જેવા વિભિન્ન વિષયો અંગે કુલ ૮૯ સંવાદો થકી ગાંધીજી અધિપતિ તરીકે પોતાનું ચિંતન રજૂ કરે છે. છેલ્લા, વીસમાં પ્રકરણમાં ઉપસંહાર રૂપે વાચક પૂછે છે, ''પ્રજાને શું કહેશો ?'' અધિપતિ જવાબ આપે છે, ''પ્રજા તે કોણ ?'' અને ત્યારબાદ છેલ્લા ઉત્તરમાં અધિપતિ જવાબ આપે છે, ''આપ આપકી ફોડિયો, મેં મેરી સમાલતા હું એ સ્વાર્થ વચન ગણાય છે. પણ તે પરમાર્થ વચન છે, હું મારું ઉજાળીશ તો જ બીજાનું કરીશ. મારું કર્તવ્ય મારે કરી લેવું તેમાં બધી કાર્યસિદ્ધિ આવે છે. તમને છોડયા પહેલાં વળી હું કહી જવાની રજા લઉં છું - (૧) સ્વરાજ તે આપણા મનનું રાજય છે. (૨) તેની ચાવી સત્યાગ્રહ આત્મબળ કે દયા બળ છે. (૩) તે બળ અજમાવવા સર્વથા સ્વદેશી પકડવાની જરૂર છે.'' આમાં, સ્વદેશી થકી, આત્મબળ પ્રગટાવી, સ્વરાજ આપણા મનમાં ઉતરે તો રાજય વ્યવસ્થા કોઈપણ વિચારસરણી પ્રેરિત હોય, દેશ તથા પ્રજાના હિતો સર્વથા સાબુત રહેશે. હિંદ સ્વરાજના અઢારમાં પ્રકરણમાં ગાંધીજીએ પોતાના કેળવણી અંગેના વિચારોનું ચિંતન અધિપતિના શબ્દોમાં રજૂ કર્યુ છે. સમગ્ર ચિંતન કેળવણી એટલે શું ? શબ્દોમાં રજૂ કર્યુ છે. સમગ્ર ચિંતન કેળવણી એટલે શું ? ના મૂળભુત પ્રશ્ન આસપાસ ગુંથાયેલું છે. પ્રાથમિક કેળવણી, ઊંચી કેળવણી, અંગ્રેજી કેળવણી તથા કેળવણી કેવી રીતે આપી શકાય તે સમગ્ર બાબ પાંચ શબ્દોમાં નિરૂપાયેલી છે.

પ્રથમ સંવાદમાં અધિપતિ નોંધે છે, ''કેળવણી એટલે શું ? જો તેનો અર્થ અક્ષરજ્ઞાન એટલો જ હોય તો તે એક હથિયારરૂપ થયું. તેનો સદુપયોગ પણ થાય અને દુરુપયોગ પણ થાય. એક હથિયારથી વાઢકાપ કરી દર્દીને સાજો કરાય, તે જ હથિયાર જાન લેવાને સારુ વપરાય. એમ અક્ષજ્ઞાન છે.'' કેળવણીનો સાધારણ અર્થ અક્ષરજ્ઞાન એજ થાય છે. લોકોને લખતાં, વાંચતાં, હિસાબ ગણતાં શીખવવું એ મૂળ અથવા પ્રાથમિક કેળવણી કહેવાય છે. એક ખેડૂત પોતે પ્રામાણિકપણે ખેતી કરી રોટી કમાય છે. તેને સાધારણ રીતે દુન્વયી જ્ઞાન છે તેણે મા-બાપ પ્રત્યે કેમ વર્તવું, તેણે પોતાની સ્ત્રી પ્રત્યે કેમ વર્તવું, છોકરાં તરફ કેમ ચાલવું, જે ગામડામાં તે વસે છે ત્યાં તેણે કેમ રીતભાત રાખવી, આ બધાનું જ્ઞાન પૂરતું છે, તે જાતિના નિયમો સમજે છે ને પાળે છે. પણ તેને પોતાની સહી કરતાં નથી આવડતી. આ માણસને તમે અક્ષરજ્ઞાન આપી શું કરવા માંગો છો ? તેના સુખમાં શો વધારો કરશો ? તેના ઝૂંપડાનો કે તેની સ્થિતિનો તમારે અસંતોષ ઉપજાવવો છે ? તેમ કરવું હોય તો પણ તમારે તેને અક્ષરજ્ઞાન આપવાની જરૂર નથી.

ઊંચી કેળવણી વિશે ગાંધીજી અંગ્રેજી વિદ્વાન હકસ્લીના વિચારો રજૂ કરે છે, ''તે માણસને ખરી કેળવણી મળી છે કે જે માણસનું શરીર એવું કેળવાયું છે કે તે તેના અંકુશમાં રહી શકે છે, તે શરીર ચેનથી અને સરળતાથી તેને સોંપેલું કામ કરે છે તે માણસને ખરી કેળવણી મળી છે. કે જેની બુધ્ધિ શુધ્ધ છે, શાંત છે ને ન્યાયદર્શી છે. તે માણસે ખરી કેળવણી લીધી છે કે જેનું મન કુદરતના કાયદાઓથી ભરેલું છે ને જેની ઈંદ્રિયો તેને વશ છે. જેની અંતર્વૃત્તિ વિશુધ્ધ છે અને જે માણસ નીચ કામને ધિકકારે છે તથા પોતાના સરખા બીજાઓને ગણે છે, આવો માણસ ખરો કેળવાયેલો ગણાય. કેમકે તે કુદરતના નિયમ પ્રમાણે ચાલે છે. કુદરત તેનો સારો ઉપયોગ કરશે અને કુદરતનો તે સારો ઉપયોગ કરશે.''

અંગ્રેજી કેળવણી વિશે ગાંધીજી જણાવે છે કે પ્રજા જયારે પાકી ઉંમરે પહોંચે ત્યારે ભલે અંગ્રેજી કેળવણી લે... આમ કરતાં આપણે વિચારવું પડશે કે અંગ્રેજી શું શીખવું ને શું ન શીખવું. કયાં શાસ્ત્રનો અભ્યાસ કરવો તે વિચારવું પડશે. ધર્મ કેળવણી વિશે અધિપતિ જણાવે છે હિંદુસ્તાન કદી નાસ્તિક બનવાનું નથી. નાસ્તિકનો પાક હિંદની ભૂમિને ભાવતો નથી. દંભી અને સ્વાર્થી ધર્માચાર્યો, મુલ્લાં, દસ્તૂર અને બ્રાહ્મણોને જો સદ્‌બુધ્ધિ ન આવે તો અંગ્રેજી કેળવણીથી જે ઉત્સાહ આપણને આવ્યો છે તે ઉત્સાહ વાપરી લોકોને નીતિની કેળવણી આપવાની વાત ગાંધીજીએ સો વર્ષ પૂર્વે કરી છે.

કેળવણી કેવી રીતે આપવી ના પ્રત્યુત્તરમાં અધિપતિ ભાર પૂર્વક જણાવે છે- ''આપણે આપણી બધી ભાષાને ઉજજવળ કરવી ઘટે છે. આપણે અંગ્રેજી પુસ્તકો જે કામનાં છે તેનો તરજુમો કરવો પડશે. ઘણાં શાસ્ત્રો શીખવાનો મિથ્યા ડોળ ને વહેમ છોડવાં, ધર્મકેળવણી અથવા નીતિ કેળવણી તે પહેલાં હોવી જોઈએ. દરેક કેળવાયેલા હિંદીને સ્વભાષા, હિંદુને સંસ્કૃત, મુસલમાનને અરબી, પારસીને પર્શિયન અને બધાને હિંદીનું જ્ઞાન હોવું જોઈએ. કેટલાંક હિંદુએ અરબી અને કેટલાંક મુસલમાને તથા પારસીનએ સંસ્કૃત શીખવું જોઈએ. ઉત્તર અને પશ્ચિમ હિંદુસ્તાનના હિંદીએ તામિલ શીખવું જોઈએ. આખા હિંદુસ્તાનને જોઈએ તે તો હિંદી હોવી જોઈએ. તે ઉર્દૂ અથવા નાગરી લિપિમાં લખવાની છૂટ ઘટે છે... આપણી ગુલામીએ પ્રજા ગુલામ થઈ છે. આપણે છૂટીએ તો પ્રજા છૂટી જ છે.''

હિંદ સ્વરાજમાં આલેખાયેલું સમગ્ર ચિંતન આજે સો વર્ષે પણ દીવાદાંડી સમાન છે. હિંદ સ્વરાજની શતાબ્દી ઉજવવાનું આ વર્ષ છે. તમામ કેળવણીની સંસ્થાઓ હિંદ સ્વરાજની આ ઉજવણી કરી ગાંધીજીના વિચારો નવયુવાનો સમક્ષ મૂકી 'ગાંધીગીરી'ની સાચી સમજણ ફેલાવે તેવી શુભ ભાવના સહ.

તા. ૨૦ માર્ચ, ૨૦૦૯

પ્રો. (ડો.) બી.એ. પ્રજાપતિ
કુલપતિ

## 40th Annual Convocation - 2009

### AWARD OF MEDALS & PRIZES

| Name of the Student | Name of the medal & Prize | Academic Achievement for which |
|---|---|---|
| Rabari Dipikaben Bhulabhai (P.R.B. Arts & P.G.R. Commerce College, Bardoli) | Shri Sitaram Saboo Public Charitable Trust Medal | Hindi (Prin.) - B.A. |
| | Prof. Thakorbhai Manibhai Desai Prize | Hindi (Prin.) - B.A. |
| Patel Sajidbhai Yunusbhai (Arts & Commerce College, Sarbhan) | Ojas Trust Prerit Acharya Kunjvihari Mehta Prize | Gujarati (Prin.) - B.A. |
| | Nyayratna Shri Lallubhai Bhimbhai Desai Paritoshik | Gujarati (Prin.) - B.A. |
| | Swargasth Shri Nathubhai Devjibhai Patel Paritoshik | Gujarati (Prin.) - B.A. |
| Patel Purvi Devdattbhai (M.T.B. Arts College, Surat) | Chananmal Sahani English Medal | English (Prin.) - B..A. |
| Patel Ajijabanu Mahmadbhai (Shree Jayendrapuri Arts & Science College, Bharuch) | Swargasth Prof. Arvindbhai Thakordas Jariwala Prize Is Equally Distribute | English (Comp.) - B.A. |
| Vasava Nilambhai Gumansingbhai (Shri M. R. Arst & Science College, Rajpipla) | Swargasth Prof. Arvindbhai Thakordas Jariwala Prize Is Equally Distribute | English (Comp.) - B..A. |
| Kayasth Mansiben Narendrakumar (Shree Jayendrapuri Arts & Science College, Bharuch) | Dr. Dhirendra Mehta Medal | Psychology (Prin.) - B.A. |
| Prajapati Yoginabahen Jayantibhai (Government Arts & Commerce College, Sarigam) | Rao Bahadur Prahladji C. Diwanji Prize | Sociology (Prin.) - B.A. |
| Deshamukh Shilubhai Shivabhai (Government Arts College, Vansda) | Param Pujya Sadguru Shri Narayan Swami Medal | Sanskrit (Prin.) – B.A. |
| | Shri Chhaganlal Maneklal Tijoriwala & Smt. Champaben Chhaganlal Tijoriwala Paritoshik | Sanskrit (Prin.) – B.A. On Condition That He Undertakes To Pursue Further Study In M.A.With Sanskrit As The Prin. Subject. |
| | Vedmurti Pandit Shripad Damodar Satavlekar Memorial Paritoshik | Sanskrit - B.A. |
| Vankar Kanchanben Mohanbhai (Arts & Commerce College,Mota Pondha) | Prof.A.S.Charan Medal | Economics - B.A. |
| | Shri B.K. Majmudar Prize | Economics - B.A. |
| | Prof. B. V. Mehta Paritoshik | Economics (Prin.) - B.A. |

| | | |
|---|---|---|
| Gohil Krutiben Maheshbhai (Mahila Arts & Commerce College, Navsari) | Navsari Nagar Palika Arpit Petriyot Dadabhai Navroji, Medal | Political Science (Prin.) - B.A. |
| Ghadiya Jalpaben Prafullbhai (Mahila Arts & Commerce College, Navsari) | Swargasth Virmatiben Balvantrai Desai (Vakil) Prize | Political Science - First Year B. A. |
| Prajapati Shitalben Shankarbhai (Smt. k.k. Arts & Commerce College, Ankleshwar) | Sadgat Smt. Padmaben & Chhotubhai Lallubhai Desai, Aat, Tal. Navsari Prize | Political Science (Sub) - Second Year B.A. |
| Patel Yogeshbhai Dhansukhbhai (Arts & Commerce College, Olpad) | Shri Gulabbhai Rudarji Mehta [ B.A. History ] Prize | History (Prin.) – B.A. |
| Raval Sandeepkumar Dineshchandra (M.K.College of Commerce, Bharuch) | Navnirman Samiti Navsari & Dr. Ramaben Kapadia Arpit Vikram Mehta & Mohanbhai Patel Rotating Medal Is Equally Distribute | English (Comp.) - B.Com. |
| Gandhi Vishal Vinodchandra (Sir K.P. College of Commerce, Surat) | Navnirman Samiti Navsari & Dr. Ramaben Kapadia Arpit Vikram Mehta & Mohanbhai Patel Rotating Medal Is Equally Distribute | English (Comp.) - B.Com. |
| Modi Isha Nilangbhai (Narmada College of Science & Commerce, Zadeshwar) | Navnirman Samiti Navsari & Dr. Ramaben Kapadia Arpit Vikram Mehta & Mohanbhai Patel Rotating Medal Is Equally Distribute | English (Comp.) - B.Com. |
| Dudharia Rashmi Jagatsingh (S.P.B. English Medium College of Commerce, Surat) | Mangalya Medal | B.Com. |
| | Shri Ashwin Mehta Prize | B.Com. |
| Jain Soniyakumari Nemichand (External Student of V.N.S.G.U. Udhana Center) | Bhutpurva Vidhyarthio Prerit Prin. A. C. Choksi Medal | Auditing & Mgt. A/C. As Special Subject At The B.Com. |
| | Shri Chandulal H. Sopariwala Prize | Auditing & Mgt. A/C. As Special Subject At The B. Com. On Condition That The Undertake To Persecute Studies Either For Chartered Accounting Or A Post Graduate Course With Accountancy |
| Khalasi Mantu Girishbhai (Sir. K.P.College of Commerce, Surat) | The Surat Mercantile Co-op. Bank Ltd. Prerit B.P. Desai Medal | Banking – B.Com. |
| | Shri Surchand Panachand Zaveri Prize | Banking - B.Com. |
| | Shri B. K. Majmudar Prize | Banking - B.Com. |

| | | |
|---|---|---|
| Dodiya Parulben Madarsang(Arts, Science & Commerce College, Kholwad) | Nilkanth Babubhai Patolawala Prize Is Equally Distribute | Mercantile Law – B. Com. |
| Jariwala Yesha Jaykrushna (S.P.B. Eng. Medium College of Commerce, Surat) | Nilkanth Babubhai Patolawala Prize Is Equally Distribute | Mercantile Law – B. Com. |
| Sankhala Priyabahen Sampatbhai (R.K.Desai College of Commerce & Management, Vapi) | Hemalben Sundarlal Desai Prize | Business Administration – B.Com. |
| Baria Nehaben Pratapsinh (The Patidar Jin Science College, Bardoli) | Shri Chhotubhai Bhaidas Marfatia Prize | First Year B. Sc. |
| Desai Khyati Ramanbhai (B.K.M. Science College, Valsad) | Swargasth Shri Kisanlal Ranchhoddas Kazi Memorial Medal | B.Sc. |
| | Shri Paramahans Yoganand Medal | B.Sc. |
| | Shri Babubhai Jashbhai Patel Shashtipurti Prize | B.Sc. |
| Patel Pritikumari Chhotubhai (Navyug Science College, Rander (Surat) | Prin.Dr.Kusumben Ramkrushna Desai Medal | Chemistry (Prin.) - B.Sc. |
| | Dr. B. N. Desai Prize | Chemistry (Prin.) - B.Sc. |
| | Dr. R. K. Mapara Prize | Chemistry (Prin.) - B.Sc. |
| Dedaniya Hardik Shantilal (B.P. Baria Science Institute Navsari) | Dr. Y. G. Naik Memorial Medal | Physics (Prin.) - B.Sc. |
| | Smt. Avantika C. Pathak Prerit Swargasth Prof. C. V. Pathak Medal | Physics - B. Sc. |
| Yagneshvari Roshni Vijaykumar (B.K.M. Science College, Valsad) | Prin. N. M. Shah Medal | Mathematics – B.Sc. |
| Tandel Chhayaben Manubhai (B.K.M. Science College, Valsad) | Dr. I. N. Solanki Prize | Botany (Prin.) – B.Sc. |
| Zankharia Urvi Sudhanshu (Sarvajanik Institute of Computer Education, Surat) | Smt. Ichchhaben Gulabbhai Mehta (B. Sc. Microbiology) Prize | Microbiology (Prin.) - B.Sc. |
| Anoop Singh Rawat (V.T.Choksi Sarvajanik Law College, Surat) | G. U. Patel Law Of Torts Prize | Law Of Torts – First LL. B. |
| Shah Pratik Subhashchandra (V.T.Choksi Sarvajanik Law College, Surat) | Shri Ashwin Mehta Public Charitable Trust, Shri Surchand Panachand Zaveri & Shri Jashvant Panachand Zaveri Prize | Second LL.B. |
| | Shri Randhir Prasannavadan Desai Prize | Second LL.B. |

| | | |
|---|---|---|
| Patel Vivek Kamlesh (V.T.Choksi Sarvajanik Law College, Surat) | Shri Ujamsi Shah Vidhyarthi Kalyannidhi Medal | Third LL.B.(Special) |
| | Shri Kusumben Niranjan D. Shah Paritoshik | Third LL.B.(Special) |
| Vijaysingh Badlusingh (V.T.Choksi Sarvajanik Law College, Surat) | Post Master Shri Chhotalal Raychand Sheth, Dahiben, Champakbhai & Lalitaben Prize | First Class – LL.M. |
| Ghori Kajalbahen Parsottambhai (The Sarvajanik Medical Trust, Surat.) | Mrs. Rashmi Haresh Shah Medal | Diploma In Medical Laboratory Technology |
| | Smt. Sharda Ambelal Desai Prize | Diploma In Medical Laboratory |
| Patel Hemlataben Amrutlal (V.N.S.G.Uni. Surat External Student) | Shri Ranchhodji Bhagwanji Naik & Smt. Maniben Ranchhodji Naik (Sarav) Prize | M. A. |
| Ahir Dharmeshkumar Mangubhai (Smt. J. P.Shroff Arts College, Valsad) | Shri Dhirajlal Vrajdas Atmaram Shroff Medal Prof. H.C. Trivedi Medal | Entire English – M.A. Entire English - M.A. |
| Patel Bhupatbhai Dhirubhai (Smt. J. P. Shroff Arts College, Valsad) | Prof. Mohanlal Parvatishankar Dave Rotating Medal Is Equally Distribute | Gujarati (Entire) – M.A. |
| | Ganibhai Dahiwala Smarak Samiti Prize is Equally Distribute | Gujarati (Entire) - M.A. |
| Chaudhari Ganeshkumar Harsingbhai (Arts & Commerce College, Vyara) | Prof. Mohanlal Parvatishankar Dave Rotating Medal Is Equally Distribute | Gujarati (Entire) – M.A. |
| | Ganibhai Dahiwala Smarak Samiti Prize is Equally Distribute | Gujarati (Entire) - M.A. |
| Patel Yogitabahen Chhaganbhai (Arts & Commerce College, Chikhli.) | Dawar Public Charitable Trust Medal | Hindi (Entire) - M.A. |
| Solanki Urvashibahen Hamirsinh (Shri Jayendrapuri Arts & Science College, Bharuch.) | Dr. A. D. Shastri Medal | Sanskrit (Entire) - M.A. |
| | Somyagna Ayojan Samiti Prize | Sanskrit (Entire) - M.A. |
| Dave Rupesh Nandkishorbhai (Department of Economics, V.N.S.G.Uni. Surat.) | Shri B. K. Majmudar Medal | Economics (Prin.) - M.A. |
| | Smt. Maniben Ranchhodji Naik & Shri Ranchhodji Bhagwanji Naik (Sarav) Prize In M.A. Economics | Economics Class - M.A. |
| | Swargasth Shri Vyomeshchandra | Economics – M.A. |
| | Janardan Pathakji Prize Swargasth Shri M. J. Desai I.C.S. Smruti Paritoshik | Economics – M.A. |
| | Smt. Sharda Ambelal Desai Prize | Economics – M.A. |

| | | |
|---|---|---|
| Jajadiya Naynaben Govindbhai (Department of Economics, V.N.S.G.Uni., Surat.) | Prof. B. V. Mehta Medal Is Equally Distribute | Public Finance & Social A/C. (Economics) - M.A. Part-I (Full Time). |
| Shah Bindra Girishkumar (Department of Economics, V.N.S.G.Uni., Surat.) | Prof. B. V. Mehta Medal Is Equally Distribute | Public Finance & Social A/C. (Economics) - M. A. Part-I (Full Time) M. A. Part-Ii (Full Time) (Economics) |
| Jariwala Dipika Shantilal (External Student of V.N.S.G.Uni. Surat.) | Prof. B. V. Mehta Medal Is Equally Distribute | Public Finance & Social A/C. (Economics) - M. A. Part-I (Full Time) Exam. April -2008.With A Condition That The Under Take To Pursue Further Study In M. A. Part-II (Full Time) (Economics) Exam. |
| Ahir Jigisha Dhirubhai (Department of Economics, V.N.S.G.Uni. Surat) | Khand Udhyog Bardoli Medal Is Equally Distribute | Agriculture Economics – M.A. |
| Thakre Anitaben Budhabhai (Department of Economics, V.N.S.G.Uni. Surat) | Khand Udhyog Bardoli Medal Is Equally Distribute | Agriculture Economics – M.A. |
| Divraniya Navghan Keshavbhai (Dept. of Economics, V.N.S.G.Uni., Surat.) | Swargasth Shri Kishorchandra Prabhudas Jobanputra Medal | Industrial Economics – M.A. |
| Chauhan Vaishali Udaysinh (Department of Economics, V.N.S.G.U., Surat.) | Prof. A.S. Charan Medal | For Securing Highest Number Of Marks In Human resource - M.A. |
| Patel Imtiyaz Yarub Vali (Department of Economics, V.N.S.G.Uni., Surat.) | Prof.A.S.Charan Paritoshik | Econometrics – M.A. Degree |
| Kurada Jyotibahen Manchhubhai (Department of Sociology, V.N.S.G.Uni., Surat.) | Swargasth Shri Shashikant Amrutlal Patel (Lethwala) Medal | Sociology - M.A.. |
| | Smt. Sharda Ambelal Desai Prize | Sociology - M.A. |
| Chaudhari Nitikshaben Narendrabhai (Department of Sociology, V.N.S.G.U., Surat.) | Dr. Jagnath Pathiz Gold Medal | Sociology - M.A. Part -I |


| | | |
|---|---|---|
| Patel Kalpanabahen Bhagvanji (S. B. Garda Arts & P. K. Patel Commerce College, Navsari) | Shri & Smt. Prof Diptiben Arunbhai Hariyani (Navsari) Medal | History - M. A. |
| | Itihaskar Nanubhai Kunverji Desai Prize | History - M. A. |
| Tandel Bhavinkumar Harilal (M.T.B. Arts College, Surat.) | Shri A. K. Trivedi Prize | Psychology – M.A. |
| | Jar Sawak Madan (Navsari) Paritoshik | Psychology – M.A. |
| Shiroya Darshna Sureshbhai (Z.F. Wadia Women's & N. K. Jhota College of Commerce, Surat.) | Hari Om Ashram Arpit Sir P.T. Medal | M.Com. |
| | Swargasth Kum. Nilima Majmudar Smarak Medal | Financial & Management Accounting - M.Com. |
| Morker Mitulkumar Ramanlal (Dept. of Physics, V.N.S.G.U.) | Dr. Y.G. Naik Memorial Prize | Physics - M.Sc. Part - I |
| Kapadiya kunalkumar Kiritbhai (Narmada College of Science & Commerce, Zadeshwar) | Dr. C. M. Desai Prize | Chemistry – M.Sc. Part - I |
| Patel Swati Nalinkumar (Narmada College of Science & Commerce, Zadeshwar) | Dr. H. B. Naik Medal | Chemistry - M.Sc. |
| | Prin B.N. Patel & Dr. C.M. Desai Medal | M.Sc. (I.T.)Degree Examination Amongst The Candidates Who Appeared at M.Sc. Degree Examination With Chemistry / Bio Science / M.Sc. |
| | Swargasth Shri Ratilal Nagarji Desai Medal | Chemistry - M.Sc. |
| | Dr. I.G. Vashi Prize | Chemistry - M.Sc. |
| | Prof. Pramodbhai D. Desai Prize | Organic Chemistry–M.Sc. |
| | Dr. C. M. Desai Prize | Organic Chemistry – M.Sc |
| Modi Denishkumar Vinodchandra (Dept. of Chemistry, V.N.S.G.U. Surat) | Dr. B.K. Vaidya Chemistry Prize | Physical Chemistry – M.Sc. |
| Patel Vijaykumar Ishverlal (Department of Chemistry, V.N.S.G.U. Surat) | Dr. H. B. Naik Analytical Chemistry Prize | Analytical Chemistry – M.Sc. |
| Nair Anju Bhaskaran (Department of Bio Science,) V.N.S.G.U., Surat | Dr. C. Z. Shah Medal | Bio - Science, M.Sc. |
| | Smt. Sharda Ambelal Desai Prize | Bio - Science, M.Sc. |
| Pal Lakhansingh Balawant (Dept. of Physics, V.N.S.G.U. Surat) | Swargasth Chimanlal Dahyabhai Raijiwala & Smt. Champavati Chimanlal Raijiwala Prize | Electronics, M.Sc. |
| Topiwala Nainesh Kiritkumar (Dept.of Statistics, V.N.S.G.U. Surat) | Prof. D.G. Vashi Medal | Statistics - M.Sc. |


| | | |
|---|---|---|
| Tandel Rajalben Thakorbhai (B. K. M. Science College, Valsad.) | Professor Dr. A.P. Verma Medal | Mathematics – M.Sc. |
| Singh Brahmani (Department of Public Administration V.N.S.G.U. Surat.) | Hari Om Ashram Arpit Sir Prabhashankar Patni Medal | First M.P.A. |
| | Smt. Sharda Ambelal Desai Prize | M.P.A. |
| Chikani Heenaben Harilal (Dept.of Master of Rural Studies, V.N.S.G.U. Surat.) | Dr. V. K. Madalia Paritoshik | M.R.S. Part- I |
| Tadvi Rosankumar Rajnikant (Department of Master of Rural Studies, V.N.S.G.U.Surat) | Dr. V. K. Madalia Medal | M.R.S. Part- Ii |
| Mehta Kinjal Arunbhai (Dept. of Sociology V.N.S.G.U., Surat.) | Shri Jugatram T. Dave Medal | M.L.W. Part-Ii |
| Malampattiwala Murtuza Saifuddin (Dept. of Sociology V.N.S.G.U., Surat.) | Hari Om Ashram Arpit Swargasth Shri Gordhandas Chokhawala Medal | First Class – M.H.R.D. Part-II |
| Goyani Trupti Haribhai (Department of Economics V.N.S.G.U. Surat.) | Swargasth Thakorbhai Jethabhai Patel (Bharthana) Medal | M.B.E. |
| Mistry Swatiben Bharatbhai (Naranlala Institute of Teacher Education, Navsari) | Acharya Dr. D.V. Desai Prize | B.Ed. Part - I |
| Sharma Mayur Sunil (V. T. Choksi Sarvajanik College of Education, Surat) | Acharya Chandravadan Shah Medal | B.Ed. |
| Patel Payalben Dipakbhai (Dept. of Education, V.N.S.G.U. Surat.) | Hari Om Ashram Arpit Maharshi Dayanand Sarasvati Medal | M.Ed. |
| Padhi Deepika Pramod (M.Sc.(I.T.) Programme, V.N.S.G.U. Surat.) | Swargast Shrimati Kishorbhai Jashuben Desai Medal | M.Sc. (IT) 8th |
| Virparia Vimal Kishorbhai (Narmada College of Management Zadeshwar) | Swargasth Hiralal Manchharam Bachkaniwala Medal | M.B.A.(F.T.) |
| | Smt. Sharda Ambelal Desai Prize | M.B.A.(F.T.) |
| Rathod Nishith Raghubhai (Department of Business & Industrial Management, V.N.S.G.Uni., Surat.) | Wintex Medal | M.B.A. (Evening). |

| | | |
|---|---|---|
| Muthuvattoor Deepthi Balakrishnan (C.N. Kothari Homoeopathic Medical College & Research Center, Vyara.) | Pramukh Gems, Surat Prerit "Pramukh Education And Charitable Trust Medal | Homeopathic (B.H.M.S) |
| Patel Shivani Dineshkumar (Government Medical College, Surat) | Swargasth Paragji Ranchhodji Desai & Swargasth Maniben Paragji Desai (Surat) Prize | M.S. (Ophthalmology) |
| Gabani Naresh Veljibhai (Government Medical College, Surat) | Dr. Sudershan H. Pandit (Eye Specialist) of Indore Medal | M.S. (General Surgery) |
| | Dr. Rasiklal M. Parikh Medal | M.S. (General Surgery) |
| Desai Dhwani Prakashbhai (Govt. Medical College,Surat) | Swargasth Dr. Aken Desai Smruti Medal | M.S. (Gynecology) |
| Sethi Alka Subhash Chandersethi (Government Medical College, Surat) | Dr. H.K. Gaur Memorial Medal | M.D. (Paediatrics) |
| | Hari Om Ashram Prerit Dr. R. K. Desai Rotatiing Medal | M.D. (Paediatrics) |
| Renjith C.M. (Government Medical College, Surat) | Swargasth Smt. Pramila Dhirubhai Desai Medal | M.D. (Anaesthesiology) |
| Bhardwaj Pankaj Gyanendra Dutt (Government Medical College, Surat) | Dr. N.R.Mehta Medal | M.D. (Community Medicine) |
| Jasani Krupali Babubhai (Surat Muni. Institute of Medical Education & Research, Umarwada, Surat) | Dr. H.P. Shashtri Prize | M.B.B.S. |
| Patel Anery Ashokbhai (Government Medical College, Surat) | Dr. Jamshedji Lashkari Services Medal | Medicine Amongst The Lady Candidates - Third M.B.B.S. |
| | Dhanmai Pestonji B. Neku Medal | Medicine – Third M.B.B.S |
| | Smt. Ambaben Amthalal Desai Prize | Medicine – Third M.B.B.S. |
| Jariwala Ruchita M.B.B.S. Bhadresh (Surat Muni. Institute of Medical Education & Research, Umarwada, Surat) | Shri Pestonji Bhikhaji D. Neku Medal | Surgery - Third |
| | Smt. Shantaben Bhimbhai Desai Prize | Third M.B.B.S. |
| | Dr. Amthalal Gulabbhai Desai Prize | Third M.B.B.S. |
| | Dr. Champaklal Jekishandas Ghia Prize | Surgery - Third M.B.B.S. |
| | Ojas Trust Prerit Jamshedji Laskari Paritoshik | Third M.B.B.S. |
| | Smt. Jaywantiben Anandlal Kothari Paritoshik | Surgery - Third M.B.B.S. |
| Patel Shivangiben Shivlalbhai (Surat Muni. Institute of Medical Education & Research, Umarwada, Surat) | Prof. Natvarlal R. Mehta Prize | P.S.M. - Third M.B.B.S. Part-I |

| | | |
|---|---|---|
| Jain Saurabh Pramod (Government Medical College, Surat.) | Shri Chhaganlal Maneklal Tijoriwala Prize Is Equally Distributed | Third M.B.B.S. Degree |
| Hirapara Ketankumar Amarshibhai (Surat Muni. Institute of Medical Education & Research, Umarwada,Surat.) | Shri Chhaganlal Maneklal Tijoriwala Prize Is Equally Distributed | Third M.B.B.S. |
| Patel Jayesh Kashibhai (Shri S'ad Vidya Mandal Institute of Technology, Bharuch) | Shree Hari Om Ashram Arpit Shri S.B. Junnarker Medal | B. E. (Mechanical) |
| | Svarcat Surat Sjy – 1986 Bombay Food Medal | B.E.(Mechanical) |
| | Siddharth Gupta Medal | B.E. (Mechanical) |
| Mangukiya Nareshbhai Ravjibhai (C. K. Pithawala College of Engi. & Technology, Surat) | Captain Noshir Hormosji Wadia Medal | B.E. (Electrical) |
| | SVARCET Surat SJY 1986 Surat Electricity Co. Medal | B.E. (Electrical) |
| Patel Rakeshkumar Kantilal (Government Engineering College, Surat.) | Swargasth Shri Nareshbhai Ravjibhai Patel Smruti Prize | B.E. II (Mechanical) 4th Semester |


















# શોધ લેખ

## મધ્યસ્થ ગ્રંથાલય

સુપ્રસિધ્ધ ઈતિહાસકાર શ્રી મુકુન્દભાઈ બ્રહ્મક્ષત્રિય સંપાદિત અને શૈલેષ બ્રહ્મક્ષત્રિય દ્વારા ૨૦૦૯માં પ્રકાશિત 'યુગે યુગે પાટણની પ્રભુતા' ગ્રંથમાં આસિસ્ટન્ટ લાઈબ્રેરિઅન શ્રી બી.જે. અંકુયાનો 'પાટણ નગરીનો ભવ્ય ઈતિહાસ' શીર્ષક તળેનો શોધ લેખ પૃ. ૨૨૨-૨૮ ઉપર મુદ્રિત થયેલ છે.

# સંલગ્ન કોલેજ

## પરિસંવાદ




બારડોલી સ્થિત બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં તા.૨૧/૦૨/૨૦૦૯ના રોજ ''ક્રિયાત્મક સંશોધન'' વિષય ઉપર બી.એડ્.ના તાલીમાર્થીઓ માટે રાજયકક્ષાનો એકદિવસીય સેમિનાર કોલેજ અને કોલેજના ભૂતપૂર્વ તાલીમાર્થી મંડળ ''તાદાત્મય'' ના સંયુકત ઉપક્રમે યોજાઈ ગયો. આ સેમિનારમાં વકતા તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના શિક્ષણશાસ્ત્ર ભવનના એસોસિએટ પ્રોફેસર ડો. અનિલભાઈ અંબાસણાએ સેવા પૂરી પાડી હતી.

કાર્યકારી આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે આવકાર પ્રવચન દ્વારા મહેમાનોને આવકાર્યા હતાં અને ત્યાર બાદ પુષ્પગુચ્છ દ્વારા પણ મહેમાનોને આવકાર્યા હતા. આમંત્રિત મહેમાનોનો પરિચય પ્રા. ડૉ. સંજયસિંહ બારડે આપ્યો હતો. આ પ્રસંગે ભારત એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ તથા ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહયા હતા. શ્રી મહેદ્રભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. અતિથિ વિશેષ તરીકે વી.ટી.ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશન, સુરતના પ્રિ. ડૉ. વિનોદભાઈ પેટેલે પણ પોતાનું વકતવ્ય રજૂ કર્યું હતું. કાર્યક્રમના ઉદ્‌ઘાટક અને પ્રમુખશ્રી ડૉ. ઘનશ્યામભાઈ રાવલે પણ પોતાની આગવી શૈલીમાં પ્રવચન કર્યું હતું. આ દિવસે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ હોવાથી તેમણે માતૃભાષા ઉપર પ્રાધાન્ય આપવાનું જણાવતા કહયું હતું કે માતૃભાષા એ મધરના સ્થાને છે, બાકીની ભાષા અધર ગણાય છે. આથી માતાને જે સ્થાન અપાય છે. તેવું માતૃભાષાને પણ અપાવું જોઈએ. તાલીમાર્થીઓને કીટ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતા. ભૂતપૂર્વ તાલીમાર્થી મેઘનાબેન દેસાઈએ પ્રતિભાવ આપ્યો હતો. આભાર વિધિ પ્રા. મીનાબેન પરમાર તથા પ્રા. નેહલબેન પટેલે કરી હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીબહેન કૃપાબેન શાહે કર્યું હતું.

## વાર્ષિકોત્સવ




શ્રી જે.બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કૉલેજ, સુરતમાં તેજસ્વી વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ, ટી.વાય.બી.એ. ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ અને સાંસ્કૃતિક કાર્યક્રમના ‘વાર્ષિકોત્સવ’ ની ઊજવણી કરવામાં આવેલ વરાછા બેંક, સુરતના પૂર્વ ડીરેકટર અને સંસ્થાના પૂર્વ ઉપપ્રમુખ શ્રી પ્રવીણભાઈ પાનસુરીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલાં આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા નિયામક શ્રી અરવિંદભાઈ ઘડુકે કર્યું હતું. કાર્યક્રમમાં શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભાના પ્રમુખ શ્રી ડૉ. બંકીમભાઈ ઠાકર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને સુરત શહેરના પૂર્વ મેયર શ્રી કનુભાઈ માવાણી, યુનિવર્સિટીના સિન્ડિકેટ મેમ્બર શ્રી હેંમતભાઈ ટોપીવાલા, ના.કુ.શ્રી. જે. કે. વાનપરીયા, પી.પી.સવાણી સ્કુલના આચાર્યશ્રી પરબતભાઈ ડાંગશિયા, ઓ.હી. નાઝર આયુર્વેદિક કોલેજના આચાર્ય ડૉ. એન.બી. કપોપરા, જે.ડી. ગાબાણી કોમર્સ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય પ્રા. પી. આર. પટેલ વગેરેની ઉપસ્થિતીમાં યોજાયેલા કાર્યક્રમમાં યુનિવર્સિટી દ્વારા માર્ચ-એપ્રિલ-૨૦૦૮માં લેવાયેલી પરીક્ષામાં કોલેજના વિવિધ વર્ગોમાં ક્રમાંક પ્રાપ્ત કરેલા વિદ્યાર્થીઓ તેમજ સહશિક્ષણ પ્રવૃતિઓમાં ઉત્તમ કૌશલ્ય દર્શાવનાર વિદ્યાર્થીઓને ઈનામ-પારિતોષિક આપી પ્રોત્સાહિત કરાયા હતા. સાથે જ ચાલુ વર્ષે ટી.વાય.બી.એ.માં અભ્યાસપૂર્ણ કરેલાં વિદ્યાર્થીઓને વિદાય આપવામાં આવી હતી. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે યુનિવર્સિટીના નવનિયુકત પરીક્ષા નિયામકનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે સ્વાગત પ્રવચન પ્રા. બિપિનભાઈ બરૂવાલાએ કર્યું. પ્રિન્સીપાલ ડૉ.દિલિપભાઈ વરસાણીએ ૨૦૦૮-૦૯ નો વાર્ષિક અહેવાલ આપ્યો હતો. આભારદર્શન પ્રા. હરસુખભાઈ કાછડીયાએ કર્યું. કાર્યક્રમનું સંચાલન પ્રા. મહેન્દ્રભાઈ ત્રિવેદી અને પ્રા.બિપીનભાઈ બરૂવાલાએ કર્યું.

## NAAC

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કોલેજ, વાલીઆમાં તા. ૨૬-૨૭ ફેબ્રુઆરીના રોજ નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રિડીટેશન કાઉન્સીલ, બેંગ્લોરની ટીમે મુલાકાત લીધી. આ ટીમે કોલેજના શૈક્ષણિક, સંશોધન અને સમાજ તથા અન્ય રાષ્ટ્રિય સ્તર સુધીના સંપર્ક સજજતા અંગેની બાબતો વિશે વિચારણા કરી હતી. પ્રિન્સિપાલ શ્રી ડૉ. અશ્વિનભાઈ પંડયા સાથે કોલેજનાં વિકાસ માટેની ચર્ચા વિચારણા કરી હતી. વિવિધ વિષયોનાં ડીપાર્ટમેન્ટ તથા કમિટી સભ્યો સાથે સાંપ્રત સમય સુધીની પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવી હતી. ટ્રસ્ટી મંડળ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલી મંડળ તથા ચાલુ વર્ષનાં વિદ્યાર્થીઓ સાથે પણ મુલાકાત કરી હતી. ‘‘નેક’’ માટે કોલેજનાં કો-ઓર્ડીનેટર પ્રા. નિયતિબેન ભટ્ટે કાર્યભાર સંભાળ્યો હતો.

માણસ પૂછે છે ઘણાં, જરૂર જરૂરનાં કામ;
ફોગટ પળ ન વટાળિયે, તો ફળ આપે રામ.

પહેલો ગદ્યકાર નર્મદ

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat. Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com